યાત્રાધામ અંબાજીમાં ચાલતા ભાદરવી પૂનમના મેળાની હવે શાનદાર જમાવટ થઈ રહી છે. અમદાવાદથી અંબાજી સુધીના તમામ રસ્તાઓ ઉપર લાખો ભાવિકો પદયાત્રા દ્વારા અંબાજી તરફ આગળ વધી રહ્યા છે. અંબાજી વિસ્તારના અરવલ્લીના ડુંગરાઓમાં જાણે ભક્તિરસ હિલોળે ચડ્યો છે. ઠેર ઠેર ગરબાઓની રમઝટ, જય અંબેના જયઘોષ, ઘણા યાત્રિકોના માથે ચુંદડી, હાથમાં ધજાઓ અને વિવિધ સેવા કેમ્પો ઉપર મોટા અવાજે ગુંજતા માતાજીના ગરબાથી સમગ્ર પંથક માં અંબેમય બની રહ્યું છે. દુર દુરથી આવતા યાત્રિકો બધુ ભુલીને માતાજીની ભક્તિમાં લીન જણાય છે. અંબાજી દુર સે... જાના જરૂર સે... બોલતા જોશ અને ઉત્સાહભેર અંબાજી તરફ આગળ વધી રહ્યા છે. મંદિર પરીસરમાં પ્રવેશતાં જ જાણે યાત્રાની ચરમસીમા આવતી હોય તેમ દર્શનાર્થીઓ બહુ જ ભક્તિભાવપૂર્વક માતાજીના ચરણમાં મસ્તક ઝુંકાવી ધન્યતાનો અનુભવ કરતા હોય છે. ઘણા શ્રદ્ધાળુઓ મંદિરના શિખર અને ધજા તેમજ મંદિરમાં પ્રવેશી દર્શન કરી હર્ષના આંસુઓ વહાવતા પણ જોવા મળ્યા હતા. પદયાત્રા કરીને અંબાજી આવીને મંદિરના શિખર ઉપર જય અંબેના જયઘોષ સાથે ધજા ચઢાવાતી હોય ત્યારે ભક્તોનો ઉત્સાહ જોવા જેવો હોય છે. ચાચર ચોકમાં જમીન ઉપર મસ્તક મુકી માતાજીને સમર્પિત થવાની તે પવિત્ર ક્ષણો જોઈને ધન્યતાનો પણ અહેસાસ થતો હોય છે.

અડાલજ પીટીસી કોલેજ ખાતે હિન્દી દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૧૬

તારીખ ૧૪-૯-૨૦૧૩ને શનિવારના રોજ શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, અડાલજ ખાતે 'હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત 'આજ કે યુગ કા કલ્પવૃક્ષ કોમ્પ્યુટર' વિષય ઉપર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામા આવ્યું હતું. જેમાં અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાની ગ્રાન્ટેડ પીટીસી કોલેજોના ભાઈઓ અને બહેનો તેમજ માણેકબા પ્રિ.પી.ટી.સી.ની તાલીમાર્થી બહેનોએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી સૌભાગ્યચંદ કે. શાહે સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદના પ્રો. અમૃતભાઈ ચૌધરીના સૌજન્યથી સમગ્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રો. અમૃતભાઈ ચૌધરી, શ્રી પ્રકાશભાઈ સોની તેમજ શ્રી મુકેશ વૈદ્યે તેમના વકવ્યમાં 'હિન્દી દિવસ' વિષે વિસ્તૃત માહિતી પુરી પાડી હતી તેમજ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી મુકેશ વૈદ્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

આ વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ વિજેતા પટેલ ધરતી જીતેન્દ્રકુમાર (શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, અડાલજ) દ્વિતીય વિજેતા પ્રજાપતિ મનીષા ત્રિકમભાઈ (શ્રીમતી માણેકબા પ્રિ.પીટીસી, અડાલજ) તેમજ તૃતીય વિજેતા પરમાર સેજલ દિનેશભાઈ (શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, અડાલજ) બન્યા હતા. પ્રો. અમૃતભાઈ ચૌધરી, શ્રી સૌભાગ્યચંદ કે. શાહ તથા સંસ્થાના આચાર્યાશ્રી સુરેખાબેનના હસ્તે વિજેતાઓને શિલ્ડ, પુસ્તક અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાનો ફરતો શિલ્ડ સંસ્થાના આચાર્યા શ્રી સુરેખાબેને સ્વીકાર્યો હતો.



શંકરભાઈની બનાસ બેંકના ચેરમેનપદે હેટ્રીક

જિલ્લાની અગ્રણી સહકારી સંસ્થા બનાસ બેંકના ચેરમેનપદે ધારાસભ્ય અને પ્રદેશ ભાજપના મહામંત્રી તેમજ ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંકના વાઈસ ચેરમેન શંકરભાઈ ચૌધરી સતત ત્રીજી વખત બિનહરીફ ચેરમેન પદે ચૂંટાઈને સહકારીતાનું ગૌરવ વધાર્યું છે. વાદ - વિવાદ, ખેંચતાણ અને કશ્મકશભરી ચૂંટણીી માટે પંકાયેલી સહકારી સંસ્થાઓમાં બનાસ બેંકે નવો ચીલો ચીતરીને સમગ્ર બોર્ડ બિનહરીફ ચૂંટાતાં રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલ સમરસતાના કોન્સેપ્ટને જિલ્લાના સહકારી આગેવાનોએ પણ સાર્થક કર્યો હતા અને શંકરભાઈના નેતૃત્વમાં બેંકનું આખુંયે બોર્ડ બિનહરીફ થયું હતું.

અંબાજી મહામેળાને લઈને શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ

અમદાવાદ,તા. ૧૬

સમગ્ર ઉત્તર ગુજરાતમાં હાલ ભક્તિરસનો માહોલ જોવા મળી રહ્યો છે. અંબાજી ભાદરવી મહામેળાની જોરદાર ઉજવણી ચાલી રહી છે. મળેલી માહિતી મુજબ ૧૦ લાખથી વધુ યાત્રીઓ અંબાજીમાંહજુ સુધી દર્શન કરી ચુકયા છે. અંબાજી વિસ્તારના માર્ગ પર મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોવા મળી રહ્યાછે. માતાજીના સેંકડો રથોને હજારો ભક્તો ખેંચીને આગળ વધી રહ્યા છે. અંબાજી ભાદરવી મહામેળાનો અભૂતપૂર્વ ઉત્સાહ શ્રદ્ધાળુઓમાં જોવા મળી રહ્યોછે. વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં સાત દિવસીય મહામેળાની શરૂઆત થયા બાદથી જ સમગ્ર અંબાજી વિસ્તાર શ્રદ્ધાળુઓથી ભરચક જોવા મળે છે. જુદા જુદા માર્ગો પર સ્વૈચ્છિક સંસ્થાઓના કેમ્પ પણ જોવા મળી રહ્યા છે જ્યાં શ્રદ્ધાળુઓ માટે તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવામાં આવી છે. ધાર્મિક સ્થળ અંબાજી માર્ગ અને અંબાજીમાં હાલમાં બોલ મારી અંબે જય જય અંબેના નાદ સાંભળવા મળી રહ્યા છે. લાખો પદયાત્રીકો અંબાજી તરફ આગેકૂચ કરી ચૂક્યા છે. અંબાજીમાં ૨૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓ પહોંચે તેવી શક્યતા દેખાઈ રહી છે. મા અંબાના દર્શન કરી પાવન અનુભવ કરવા માટે તમામ તૈયારીઓ શ્રદ્ધાળુઓ પહેલાથી જ કરી ચૂક્યા છે. બીજી બાજુ આટલી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓના ધસારાને ધ્યાનમાં લઈને તંત્ર દ્વારા તમામ પગલાં લેવામાં આવ્યા છે. શ્રદ્ધાળુઓની સુરક્ષા વ્યવસ્થા માટે મોટી સંખ્યામાં જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. સંવેદનશીલ જગ્યાઓ પર સીસી ટીવી કેમેરા તૈનાત કરવામાં આવ્યા છે. ૩૫૦૦ જેટલા જવાન તૈનાતી માટે ગોઠવાઈ ગયા છે. ૧૧૪ પોલીસ સબ ઈન્સ્પેક્ટર, હજારોની સંખ્યામાં હોમગાર્ડના જવાનો તૈનાત કરવામાંઆવ્યા છે. સ્વૈચ્છિક સંસ્થાઓ પણ શ્રદ્ધાળુઓની સુવિધા માટે જુદા જુદા માર્ગો પર પોતાની છાવણીઓ સ્થાપિત કરી ચૂકી છે જ્યાં શ્રદ્ધાળુઓને ખાવાપીવાની ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. જગ્યાઓ ઉપર આરોગ્ય છાવણીઓ પણ સ્થાપિત કરવામાં આવી છે.

ઉદયભાણસિંહજી મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ દ્વારા હિન્દી પખવાડીયાની ઉજવણીનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૧૬

સે-૩૦માં આવેલ ઉદયભાણસિંહજી રીજીયોનલ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ દ્વારા હિન્દી દિવસ તેમજ હિન્દી પખવાડીયાનું આયોજન કરવામાં આવ્યું છે. આજ રોજ આ સમારોહનાં ઉદઘાટન સંસ્થાના પ્રભારી વિનોદકુમાર પાંડે તેમજ ગુજરાત રાજય સહકારી મંડળીઓના અધિક રજીસ્ટ્રાર કૌશિક જોષીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રભારી વિનોદકુમાર પાંડેએ આ સમગ્ર પખવાડીયા દરમિયાન યોજાનારી વિવિધ સ્પર્ધાઓ અંગે વિગતવાર માહિતી આપી હતી. ઉદઘાટન સમારોહમાં એચડીસીએમના કોર્સ કો ઓર્ડીનેટર શ્રીમતી સી.આર. જાનીએ આભારવિધિ કરી હતી. આ પખવાડીયાની ઉજવણી તારીખ ૨૮મી સપ્ટેમ્બર સુધી ચાલુ રહેશે.

છેલ્લા ત્રણ મહીનામાં ૪૩૫ સ્વજનોના અસ્થિનું વિસર્જન કરાયું

ગાંધીનગર, તા.૧૬

શહેર વસાહત મહામંડળ દ્વારા છેલ્લ ૧૭ વર્ષમાં ૨૧૧ ઉપ સ્વજનોના અસ્થિનું હરિદ્વાર ખાતે વિસર્જન કરવામાં આવ્યું છે. અસ્થિ વિસર્જન અન્વયે મહામંડળ દ્વારા તૈયાર કરાયેલા દસ્તાવેજી ચિત્રની સી.ડી.નું પણ લોકાર્પણ કરી પ્રાર્થના સભામાં ઉપસ્થિતને વિના મુલ્યે ભેટ આપવામાં આવી હતી. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બુચના જણાવ્યા મુજબ વર્ષ ૧૯૯૬થી સંસ્થા દ્વારા અસ્થિ વિસર્જનનું ઉમદા કામ કરવામાં આવે છે. જયારે આજ પર્યંત ૨૧૧ ઉપ સ્વજનોના અસ્થિનુંહરિદ્વાર ખાતે વિસર્જન કરવામાં આવ્યું છે. જયારે ઉમદા કામગીરીમાં મહામંડળના શશીકાંત મોઢા, નિલેન્દુ વોરા, ઉદય ત્રિવેદી, કરસનભાઈ પરમાર, સુધીર દેસાઈ, સીતારામ પટેલ તેમજ બી.એ. શુકલ સેવાપુરી પાડી રહ્યા છે. મહામંડળ દ્વારા હરિશભાઈ રાણા તેમજ મયંક દવે, મનોજ શુકલ તેમજ ચેતના બુચના સહયોગથી ગાંધીનગરથી હરિદ્વાર અસ્થિ વિસર્જન અંગે દસ્તાવેજી ચિત્ર તૈયાર કરવામાં આવ્યું છે. જયારે આ અન્વયે એક સી.ડી.નું પણ લોકાર્પણ કરવામાં આવ્યું છે. અંતિમ ધામ ખાતે પ્રાર્થના સભામાં ઉપસ્થિત સ્વજનોને સી.ડી. વિના મુલ્યે ભેટ આપવામાં આવી હતી. ત્રણ માસ દરમિયાન ૪૩૫ સ્વજનોના અસ્થિનું હરિદ્વાર ખાતે વિસર્જન કરવામાં આવ્યું છે.

દહેગામ ખાતે ગાંધીનગર જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા આજે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન

દહેગામ, તા.૧૬

દહેગામ ખાતે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિનની ઉજવણીના ભાગ રુપે ગાંધીનગર જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા તા. ૧૭-૯-૨૦૧૩ને મંગળવારના રોજ માઈસુખનાથની વાડી, પેટ્રોલ પંપ સામે, દહેગામ ખાતે તેજસ્વી તારલાઓનું સન્માન કાર્યક્રમ તેજમ રૂદ્રાક્ષ હોસ્પિટલ નરોડાના સહયોગથી સર્વ રોગ નિદાન કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાનશ્રીઓ હરિનભાઈ પાઠક, સાંસદ સભ્ય પુર્વ અમદાવાદ, દિનેશભાઈ અનાવાડિયા પ્રમુખ-ગુજરાત પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચો, ગુણવંતભાઈ બારોટ, શકુન્તલાબેન પટેલ-કા. સભ્ય ગુજરાત પ્રદેશ ભાજપ, અશોકભાઈ ભાવસાર-ચેરમેન ગુડા-ગાંધીનગર, કે.સી. પટેલ, રમણસિંહ સોલંકી પ્રભારી ગાંધીનગર જી. ભાજપ, નૈલેષભાઈ શાહ, પ્રમુખ ગાંધીનગર જિલ્લા ભાજપ મુખ્ય અતિથિ વિશેષ નરેન્દ્રભાઈ રાણા, હિતેન્દ્રભાઈ પટેલ, એલ.વી. પટેલ-ગાંધીનગર જિલ્લા ભાજપ મહામંત્રી, કલ્યાણસિંહ ચૌહાણ, પૂર્વ ધારાસભ્ય દહેગામ, ચંદ્રેશભાઈ પટેલ, પ્રમુખ દહેગામ તાલુકા ભાજપ-રમણજી ઠાકોર, પ્રમુખ દહેગામ તાલુકા પંચાયત કમલેશભાઈ અમીન, વિપક્ષ નેતા દહેગામ નગરપાલિકા, બિમલભાઈ અમીન પ્રમુખ દહેગામ શહેર ભાજપ ગાંધીનગર જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના સભ્યો, બલરાજસિંહ ચૌહાણ, ઉપપ્રમુખ, કેદારસિંહ ઝાલા, મંત્રી-વિષ્ણુજી ઠાકોર, ગાંડાભાઈ ચૌધરી, મહામંત્રી, દહેગામ ભાજપ બક્ષીપંચ મોરચો અમૃતભાઈ ડાભી, પ્રમુખ, શંકરભાઈ પાટીલ, મહામંત્રી તેમજ શુભેચ્છકો રુદ્રાક્ષ હોસ્પિટલ, નરોડા મનોજભાઈ કે. પ્રજાપતિ, નિકુલભાઈ આર. બારોટ, ભુપેન્દ્રભાઈ બી. ભટ્ટ, સુમેરુભાઈ અમીન એપી.એમ.સી. ચેરમેન, દહેગામ તેમજ આ સુંદર કાર્યક્રમનું આયોજન કરનાર ઘનશ્યામભાઈ બ્રહ્મભટ્ટ (મુન્નાભાઈ) પ્રમુખ, બક્ષીપંચ મોરચો, ગાંધીનગર જિલ્લા ભાજપ મિડિયા સેલ કન્વીનર હસમુખભાઈ આચાર્ય દ્વારા અખબારી યાદીમાં જણાવેલ છે.

શબ્દાવલી - ૫૧૭૮



આડી ચાવી

૧. એક પછી એક વારા પ્રમાણએ (૫)
૩. એક હિંસક પ્રાણી (૨)
૬. પેટ્રોલ-ગેસ અથવા... થી વાહન ચાલે (૩)
૮. મેથી પાક-માર (૪)
૯. મકાઈની ધાણી (૪)
૧૧. મારી નાખવું, ... કાઢી નાખવું (૩)
૧૨. ભ્રમર, ભમરો (૨)
૧૩. વાવવાની ક્રિયા, વાળવું (૩)
૧૪. પથ્થર (૩)
૧૫. વટનું વૃક્ષ
૧૬. ભૂલ, કસૂર (હિન્દી-ઉર્દૂ શબ્દ) (૨)
૧૭. આબુનું પ્રખ્યાત સરોવર (૨)
૧૯. લખવા માટે વપરાતા પત્ર (૩)
૨૦. જડી, મળવું તે (૨)

ઊભી ચાવી

૧. ખૂબ વાતો કર્યા કરે તેવું (૪)
૨. ધૂળના કણો (૨)
૪. ગ્રાહક, ખરીદ કરનાર વ્યક્તિ (૩)
૫. ઈમારત, બંગલો (૩)
૭. લસરપટ્ટી (૪)
૮. પાયો, કપડા ધોકાવવા... જોઈએ (૨)
૧૦. ઘડી, પલ (૨)
૧૧. શ્રવણે... માં બેસાડી મા-બાપ ને યાત્રા કરાવી (૩)
૧૨. નમે નહિં તેવું (૪)
૧૩. સમાચાર, સગડ (૩)
૧૪. પૃથ્વીનું ઊંડું તળ (૩)
૧૬. પક્ષી, પંખી (૨)
૧૮. દિવાલમાં કોઈ વસ્તુ ટીંગાડવા લગાડાતી કીલ (૨)

શબ્દાવલી ૫૧૭૭ના જવાબ

આડી ચાવી :- (૧) ઓજસ (૪) કવિયત્રી (૭) ડરામણું (૮) કાકડી (૯) સંરક્ષણ (૧૦) ખાપણ (૧૧) પાકટ (૧૩) સળ (૧૫) નકટુ (૧૬) અચરજ (૧૭) વેપલો (૧૮) મહાણ (૧૯) રીલ

ઊભી ચાવી :- (૧) ઓડકાર (૨) જરાક (૩) સમડી (૫) વિતરણ (૬) ત્રીકોણ (૯) સંપ (૧૦) ખાટ (૧૧) પાક (૧૨) કટુવેણ (૧૩) સરકારી (૧૪) ળજ (૧૫) નરમ (૧૬) અલોપ

ગાયત્રી શકિતપીઠ પર યુગશકિત અખંડ જયોતિના વાચકોનું સંમેલન

ગાંધીનગર, તા.૧૬

સેકટર-૧માં આવેલ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા સંસ્થાના આદ્યસ્થાપક પંડિત રામશર્મા આચાર્યજીના ધર્મપત્ની મા ભગવતીદેવીજીના નિર્વાણદિને ભાદરવા સુદ પુનમ ગુરુવારે સત્યનારાયણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. તે જ દિવસે કથાની સાથે ગાયત્રી ઉપાસકો દ્વારા યુગ શકિત અખંડ જયોતિના લગભગ ૧૫૦૦થી ૨૦૦૦ જેટલા વાચકોનું સંમેલન પણ આયોજીત કરાયું છે. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ગોવિંદભાઈ પટેલે આ કાર્યક્રમમાં દરેક ભાવિક ભકતોને ઉપસ્થિત રહેવા વિનંતી કરી છે.

સરકારી વિનયન કોલેજ ખાતે વિદ્યાર્થીઓના બેન્કના ખાતા ખોલાશે

ગાંધીનગર, તા.૧૬

સેકટર-૧૫ ખાતે આવેલ સરકારી વિનયન કોલેજમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતી, બક્ષીપંચ તથા જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે કોલેજ દ્વારા તેમજ બેન્ક ઓફ બરોડાના સહયોગથી શિષ્યવૃત્તી મેળવવા તેમજ અન્ય કામકાજ માટે બેન્કમાં ખાતા ખોલાવવા માટે કોલેજ ખાતે વ્યવસ્થા કરવામાં આવનાર છે. દરેક વિદ્યાર્થીઓ પોતાના ખાતા ખોલાવી લેવા ત્યારબાદ કોલેજ દ્વારા કોઈપણ બેન્કના ખાતા બાબતે કાર્યવાહી કરવામાં આવશે નહી.

રાજસ્થાન સમાજ સેવા સમિતિ દ્વારા ભજન સંધ્યાનું આયોજન કરાયું

શહેરના રાજસ્થાન સમાજ સેવા સમિતિ દ્વારા તા. ૧૮મી સપ્ટેમ્બર બુધવારે સેકટર-૨૧ શાકમાર્કેટ ખાતે રાત્રે ૯ વાગે ભજન સંધ્યાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં રાજસ્થાનના મશહુર કલાકાર શિવલાલ એન્ડ પાર્ટી ભક્તજનોને સંગીતમય ભજનોમાં રસતરબોળ કરાવશે. જેથી સર્વે રસિકજનોએ તેનો લાભ લેવા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

પ્રભાવતી હાઈસ્કૂલ કડીનું ગૌરવ

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ કડી સંચાલિત પ્રભાવતી ભરતકુમાર પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ એસ.વી. કેમ્પસ કડીમાં ધોરણ-૧૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થી અનુક્રમે સગર યશવંત જી. અને પટેલ આકાશ બી. જિલ્લા કક્ષાની શાળાકીય અન્ડર ૧૯ સર્કલ કબડ્ડીની સ્પર્ધામાં ભાગ લઈ વિજેતા બન્યા છે. અને રાજય કક્ષામાં પસંદગી પામેલ છે. તેથી તેમણે શાળા અને સંસ્થાનું ગૌરવ વધારેલ છે. તે બદલ બન્ને વિદ્યાર્થી, વ્યાયામ શિક્ષક, વર્ગ શિક્ષકને હાઈસ્કૂલના આચાર્યશ્રી ડૉ. બાબુલાલ આર. પટેલે અભિનંદન પાઠવ્યા છે.

પાંચ દાવેદાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળેલું છે. જો -દેશ -મુખ સૌરાષ્ટ્રના હોય તો મુખ્યમંત્રી પદ ઉત્તર ગુજરાત કે અન્ય વિસ્તારને ફાળે જાય છે.

વડા-ધાનના ઉમેદવાર બન્યા પછી મોદીએ મંત્રીમંડળના સભ્યો સાથે મેરેથોન કરી હતી અને તમામ મંત્રીઓને સૂચના આપી છે કે મારી ગેરહાજરીમાં સરકારના વહીવટમાં વિશેષ ધ્યાન રાખવાનું રહેશે. ખાસ કરીને મોદી પાસે જે વિભાગોના હવાલા છે તેની કામચલાઉ સોંપણી અન્ય સિનિયર મંત્રીઓને કરવામાં આવે તેમ મનાય છે. મોદી તેમના બે સિનિયર મંત્રીઓ આનંદીબેન પટેલ અને નિતીન પટેલને વધારાની જવાબદારી સોંપી રહ્યાં છે. એ ઉપરાંત સૌરભ પટેલને પણ સાથે લઈ રહ્યાં છે.

ગુજરાતમાં મોદી પછી તેમના ઉત્તરાધિકારી અમિત શાહ બનશે તેવું એક સમયે કહેવામાં આવતું હતું પરંતુ તેમને મોદીએ રાષ્ટ્રીય જવાબદારી આપી છે. વળી અમિત શાહ સામે બોગસ એનકાઉન્ટરના કેસો ચાલી રહ્યાં છે તેથી તેમની આ પદ માટે હાલ કોઈ શક્યતા જોવાતી નથી.

ચેમ્બરમાં બેસશે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે બ્લોક નં-૧માં ત્રીજા માળે રાજયના ચીફ સેક્રેટરીની ઓફિસ કાર્યરત હતી પરંતુ સી.એમ. ઓફીસ સ્વર્ણિમ સંકુલમાં શીફટ થયા બાદ જૂના કાર્યાલયમાં મુખ્ય સચિવ માટે ચેમ્બર તૈયાર કરી દેવાઈ છે. જૂની ચેમ્બરમાં ફલોરીંગ બદલી નાંખવામાં આવી છે. બાકી ફર્નિચર સહીતની ચીજવસ્તુઓ યથાવત રાખવામાં આવી છે. ૧૭ સપ્ટેમ્બરે મુખ્યમંત્રીનો જન્મદિવસ હોવાથી આ દિવસે જ મુખ્ય સચિવ પરેશ સિંહા તેમની નવી ઓફીસમાં કાર્યભાર સંભાળશે. જૂની ચેમ્બરમાં આમ કોઈ ફેરફાર કરવામાં ન આવ્યા હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું છે.

માણો
પદ સ્થાન અને વિખ્યાતિ
સીએસને પસંદ કરો તમારી
કારકિર્દી તરીકે
વિદ્યાર્થીઓ ઓનલાઈન www.icsi.edu પર રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

આજ ઉપલબ્ધ સૌથી વધુ ઈચ્છિત વ્યવસાય

CS અભ્યાસક્રમ : વિદ્યાર્થીઓને આધુનિક કોર્પોરેટ વ્યવસાયીમાં પરિવર્તીત કરતો એક અભ્યાસક્રમ

કંપની સેક્રેટરી
● કોર્પોરેટ કાયદાઓ, સુરક્ષાને લગતા કાયદાઓ અને કેપીટલ માર્કેટ તથા કોર્પોરેટ ગર્વનન્સમાં તજજ્ઞ
● કોર્પોરેટ ગર્વનન્સના શ્રેષ્ઠ દેખાવ માટે બોર્ડ ઓફ ડિરેક્ટરોના મુખ્ય સલાકરા
● કંપનીના બધા જ નિયમોના અનુમોદન માટે જવાબદાર
● કોર્પોરેટ પ્લાનર અને સ્ટ્રેટેજીક મેનેજર

કંપની સેક્રેટરી બનવાના પગથિયાં
વ્યવસાયિક વિકાસનો પ્રારંભ
પ્રી-મેમ્બરશીપ ટ્રેનીંગ (૧૬ મહિના)
પ્રોફેશનલ પ્રોગ્રામ (૯ પેપર)
એક્ઝીક્યુટીવ પ્રોગ્રામ (૭ પેપર)

સીએસના ફાઉન્ડેશન પ્રોગ્રામ માટે પાત્રતા મેળવ્યા બાદ વિદ્યાર્થીઓએ એક્ઝીક્યુટીવ અને પ્રોફેશનલ પ્રોગ્રામ માટે લાયકાત મેળવવી પડશે અને વિવિધ મેનેજમેન્ટ, એક્ઝીક્યુટીવ ડેવલપમેન્ટ અને તાલીમ પ્રોગ્રામનો અનુભવ મેળવી શકશે.

પાત્રતા
સી. એસ. ફાઉન્ડેશન પ્રોગ્રામ : ૧૦ + ૨ પાસ અથવા સમકક્ષ
● આર્ટસ, કોમર્સ અને સાયન્સ (ફાઈન આર્ટસ સહિત)ના કોઈપણ પ્રવાહના વિદ્યાર્થીઓ કંપની સેક્રેટરીનો કોર્સ કરી શકે છે.
● વૈકલ્પિક ઓરલ કોચિંગ ક્લાસના વિકલ્પ સાથે સીએસ કોર્સ પત્રવ્યવહાર / ડીસ્ટન્સ લર્નિંગથી કરી શકાય છે.
● ઈ-લર્નિંગના માધ્યમથી ૨૪X૭ ભણવાની વ્યવસ્થા (http://e-learning.icsi.edu)
● ઓનલાઈન સીએસ કોર્સમાં સામેલ છે : વેબ બેઝ ટ્રેનીંગ (WBT), વિડીયો બેઝ ટ્રેનીંગ (VBT), લાઈવ વર્ચ્યુઅલ ક્લાસરૂમ (LVC)

સીએસ કોર્સમાં પ્રવેશ
● સમગ્ર વર્ષ દરમિયાન પ્રવેશ ઉપલબ્ધ
● વર્ષમાં બે વાર જુન અને ડીસેમ્બર માસમાં પરીક્ષા યોજવામાં આવે છે..
છેલ્લી તારીખ
સીએસ ફાઉન્ડેશન : ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૩

સૂચિપત્ર અને પ્રવેશ ફોર્મ
● મુખ્ય મથકો/રીજીયોનલ કાઉન્સિલ્સ/ચેપ્ટરો ખાતે ઉપલબ્ધ
ફાઉન્ડેશન પ્રોગ્રામ
● કેશ પેમેન્ટ રૂ. ૫૦૦ ● સ્પીડ પોસ્ટ મારફત રૂ. ૫૫૦
ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડીયાના નામે નવી દિલ્હી ખાતે યૂકવવા પાત્ર ડીડી / પીઓથી ચૂકવણી કરવી

ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા
વ્યવસાયીક શ્રેષ્ઠતા માટેનો રોજગાર
સંસદ દ્વારા નિર્મિત કાયદાથી અધિકૃત સંસ્થા
હેડક્વાર્ટર : ICSI હાઉસ, ૨૨, ઈન્સ્ટિટ્યૂશનલ એરિયા, લોધી રોડ, નવીદિલ્હી-૧૧૦ ૦૦૩
ટેલીફોન : ૦૧૧-૪૫૩૪૧૦૦૬, ૪૫૩૪૧૦૦૭, ૪૫૩૪૧૦૦૦, ૪૧૫૦૦૪૪૪૪, ફેક્સ : ૨૪૬૨૬૦૨૭
વધુ વિગતો માટે મહેરબાની કરી સંપર્ક કરો/લખો : કાયરેક્ટર (સ્ટુડન્ટ સર્વિસ)
ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરી ઓફ ઈન્ડિયા (ICSI), જ-૩બ, સેક્ટર-૬૨, નોઈડા-૨૦૧૩૦૧ (યુ.પી.)
ટેલીફોન : ૦૧૨૦-૪૫૨૨ ૦૬૧/૦૭૧/૦૮૧, ઈમેલ : ss_reg@icsi.edu, ss_enrol@icsi.edu

ICSI
ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા
વ્યવસાયીક શ્રેષ્ઠતા માટેનો રોજગાર
સંસદ દ્વારા નિર્મિત કાયદાથી અધિકૃત સંસ્થા

પૂર્વિય ક્ષેત્ર રીજીયોનલ કાઉન્સિલ : ICSI-EIRC બિલ્ડીંગ, ૩-બી, અલિપોરપુર્ટ્ર લેન, કોલકાતા-૭૦૦૦૨૭, ફોન : ૦૩૩૨૪૦૬૩, ૦૩૩૨૪૧૪૧, ૦૩૩૨૪૧૪૨, ૦૩૩૨૪૧૪૩-૪૬, ફેક્સ : ૦૩૩૨૪૧૪૮, ઈમેલ : ciro@icsi.edu
ચેપ્ટર : ભુવનેશ્વર : ૦૬૭૨૬૬૬૧, બેલાસપુર : ૦૭૭૧૭૦૦૭, દિલ્લી પૂર્વિય ચેપ્ટર : (ગુરુગ્રામ્ય) : ૦૧૨૪૬૦૧૪૪, હોશંગાબાદ : ૦૧૨૨૭૨૦૦૨૬૬, પાનીપત : ૦૧૨૭૦૨૬૬૧૧, સોની : ૦૧૨૭૦૧૧૧૧, ઉત્તર ક્ષેત્ર રીજીયોનલ કાઉન્સિલ : ICSI-NIRC બિલ્ડીંગ, પ્લોટ નં. ૪, પ્રસાદનગર, ઈન્સ્ટિટ્યૂશનલ એરિયા, નવી દિલ્હી-૧૧૦૦૦૫, ફોન : ૧૨૩૩૦૦૦ ૨૩૩૦ : ૧૧૦૧૧૦૦૧, ઈમેલ : niro@icsi.edu
ચેપ્ટર : અમરૂ : ૧૦૨૧૧૧૧૧, ચંડીગઢ : ૧૧૨૫૧૦૧૨, ધર્મશાલા : ૧૯૨૨૧૦૦૧, ધાનપત : ૧૯૧૩૪૦૧૦૧, જમ્મુ : ૧૯૧૩૨૫૦૧, ૧૯૧૩૨૫૦૨, ૧૯૧૩૨૫૦૩, કુરુક્ષેત્ર : ૧૧૪૬૨૫૧, કરનાલ : ૧૨૭૨૬૦૧૧, પાનીપત : ૧૧૭૨૬૦૧૧, રોહતક : ૧૧૭૦૦૧૧૧, સોનીપત : ૧૧૭૩૦૧૧૧, ઉત્તરાંચલ : ૧૩૫૧૦૧૧૧, ડેહરાડુન : ૧૩૫૧૦૧૧૧, હલ્દ્વાની : ૧૩૫૧૦૧૧૧, રુડકી : ૧૩૩૨૪૧૧૧, ઉધમસિંહ નગર : ૧૩૫૩૧૦૧૧, ઉત્તર પ્રદેશ રીજીયોનલ કાઉન્સિલ : ICSI-SIRC ઓફિસ, નં.૯, સી.બી.ડી.બ્લોક, સેક્ટર-૩૩, નુલ્લાગઢમાર્ગ, સેક્ટર-૭૦૦ ૦૩૪, ફોન : ૧૮૦૧૮૮૮૮ ૧૮૦૧૮૮૮૧, ૧૮૦૧૮૮૮૨, ૧૮૦૧૮૮૮૩, ઈમેલ : siro@icsi.edu
ચેપ્ટર : ઔરંગાબાદ : ૧૨૪૮૮૧૧૧, કાનપુર : ૧૧૧૧૧૧૧૧, ગાઝિયાબાદ : ૧૧૧૧૧૧૧૧, ગોરખપુર : ૧૧૧૧૧૧૧૧, ઝાંસી : ૧૩૫૧૧૧૧૧,